ક્રમાંક : ઈએક્સએમ-૫૧-૨૦૧૪-૧૫-સીએનએફ

ગુજરાત જાહેર સેવા આયોગ
છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

:: પરિણામમાં સુધારો ::

ગુજરાત સરકારના સચિવાલયના વિભાગો, વિધાનસભા સચિવાલય અને ગુજરાત જાહેર સેવા આયોગની કચેરી ખાતે નાયબ સેકશન અધિકારી તથા મહેસૂલ વિભાગ હસ્તકની નાયબ મામલતદારની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે આયોગ દ્વારા જા.ક્ર.: ૫૧/૨૦૧૪-૧૫ પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ માટે તા. ૨૧-૦૬-૨૦૧૫ ના રોજ પ્રિલિમિનરી પરીક્ષા યોજવામાં આવેલ. આ જગ્યાઓના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો અને આ જગ્યાની જાહેરાતમાં દર્શાવવામાં આવેલ શરતો અને જોગવાઇઓ સંતોષતા હોવાની શરતે, ઉમેદવારોની પ્રિલિમિનરી પરીક્ષામાંની અરજીમાં દર્શાવવામાં આવેલ વિગતો/ દસ્તાવેજો/ પ્રમાણપત્રોની ચકાસણી કર્યા વિના, મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે આયોગની કચેરી દ્વારા તા. ૦૭-૦૪-૨૦૧૬ ના પરિણામથી કુલ : ૩૩૬૭ ઉમેદવારોને કામચલાઉ ધોરણે સફળ (Provisionally Qualified) જાહેર કરવામાં આવેલ.

૨. (૧) પ્રિલિમિનરી પરીક્ષામાંની ઓનલાઇન અરજીમાં જે ઉમેદવારોએ માન્ય રમત ગમત (Sports)માં નિયત થયેલ કક્ષાએ ભાગ લીધો હોવાનું દર્શાવેલ તેવા ઉમેદવારોના આ મુજબના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા વિના, આવા પ્રમાણપત્રો રજૂ કરવાની શરતે, આવા ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષામાં તેમણે મેળવેલ કુલ ગુણના 5% વધુ ગુણા ઉમેરીને આ પરિણામ પ્રસિધ્ધ કરવામાં આવેલ. 5% વધુ ગુણ મેળવીને કામચલાઉ ધોરણે સફળ થયેલ આવા રમત ગમત (Sports)માં ભાગ લીધેલ ઉમેદવારો પાસેથી તેમના રમત ગમતમાં ભાગ લીધો હોવા બાબતના પ્રમાણપત્રો નિયત નમુનામાં, નિયત સમયમર્યાદામાં રજૂ કરવા આયોગની કચેરીના સ્પીડ પોસ્ટ/ રજી.એ.ડી.પત્રથી આવા ઉમેદવારોને જણાવવામાં આવેલ.

(૨) આવા ઉમેદવારો પૈકી અમુક ઉમેદવારો રમત ગમતમાં ભાગ લીધો હોવા બાબતના પ્રમાણપત્રો રજુ કરી શક્યા ન હોઇ અને/ અથવા રજુ કરેલ પ્રમાણપત્ર નિયત નમુનામાં જણાયા ન હોઇ અને/ અથવા આવું પ્રમાણપત્ર સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫-૨-૧૯૮૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૭૭-૨૬૧૦-ગ-૨ માં દર્શાવેલ રમતગમતો મુજબની માન્ય રમતગમત કક્ષાનું ન હોઇ, આવા ઉમેદવારોને પ્રિલિમીનરી પરીક્ષામાં ન મળવાપાત્ર પરંતુ ઉપર દર્શાવેલ પરિસ્થિતિમાં તેઓને રમતગમતના ઉમેદવાર તરીકે આપવામાં આવેલ 5% વધુ ગુણ તેઓ હવે આ અંગેની શરત/શરતો સંતોષતા ન હોઇ, તેમને મળેલ કુલ ગુણમાંથી હવે બાદ કરવાના થાય છે.

(૩) પ્રિલિમીનરી પરીક્ષામાં ઉપર દર્શાવ્યા મુજબ, રમતગમત અંગેના ન મળવાપાત્ર અને છતાં મેળવેલ 5% વધુ મેળવેલ ગુણ બાદ કરતાં, નીચે દર્શાવવામાં આવેલ ૦૮ ઉમેદવારો, આયોગ દ્વારા પ્રિલિમીનરી પરીક્ષામાં જે તે કેટેગરીમાં નિયત થયેલ કટઓફ ગુણથી ઓછા ગુણ મેળવતા હોઇ, તેઓને પ્રિલિમીનરી પરીક્ષાના તબક્કાએથીજ અસફળ જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | બેઠક નંબર | જાતિ (Caste) | Gender | પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ | રમત ગમતના ઉમેરવામાં ગુણ | તા. ૦૭-૦૪-૧૬ ના પરિણામ મુજબ મેળવેલ કુલ ગુણ | લાયકી ધોરણ (ગુણ) |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૧૦૧૦૧૪૦૯૦ | બિન અનામત | F | ૪૭.૩૮૮ (૪૭) | ૨.૩૬૯ | ૪૯.૭૫૭ | ૪૮ |
| ૦૨ | ૧૦૨૦૬૩૫૭૨ | સા.શૈ.પ.વર્ગ | M | ૫૩.૩૦૦ (૫૩) | ૨.૬૬૫ | ૫૫.૯૬૫ | ૫૬ |
| ૦૩ | ૧૦૮૧૨૭૬૦૭ | બિન અનામત | M | ૫૪.૦૯૬ (૫૪) | ૨.૭૦૫ | ૫૬.૮૦૧ | ૫૬ |
| ૦૪ | ૧૦૮૧૩૯૧૨૪ | બિન અનામત | M | ૫૩.૦૬૮ (૫૩) | ૨.૬૫૩ | ૫૫.૭૨૧ | ૫૬ |
| ૦૫ | ૧૧૧૧૬૮૪૦૦ | બિન અનામત | M | ૫૪.૬૬૦ (૫૪) | ૨.૭૩૩ | ૫૭.૩૯૩ | ૫૬ |
| ૦૬ | ૧૧૬૨૨૦૭૪૯ | બિન અનામત | M | ૫૩.૬૩૨ (૫૪) | ૨.૬૮૨ | ૫૬.૩૧૪ | ૫૬ |
| ૦૭ | ૧૧૭૨૨૮૧૫૮ | બિન અનામત | M | ૫૩.૬૪૦ (૫૪) | ૨.૬૮૨ | ૫૬.૩૨૨ | ૫૬ |
| ૦૮ | ૧૧૮૨૪૮૮૦૨ | બિન અનામત | M | ૫૪.૭૬૮ (૫૫) | ૨.૭૩૮ | ૫૭.૫૦૬ | ૫૬ |

Sd/-

સ્થળ : ગાંધીનગર

તારીખ: ૨૮-૧૦-૨૦૧૬

ટી. એચ. સોની
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ